# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

**અખબારી યાદી** **તા.૨૩-૧૧-૨૦૦૯**

વિધાનસભા કોંગ્રેસપક્ષની મીટીંગ તા.૨૪.૧૧.૨૦૦૯ને મંગળવારના રોજ બપોરના ૩-૦૦ કલાકે વિધાનસભા ખાતે કોંગ્રેસપક્ષના મીટીંગ હોલમાં ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલના અધ્યક્ષસ્થાને મળશે. વિધાનસભા કોંગ્રેસપક્ષની બેઠકમાં આગામી વિધાનસભાના સત્રની કાર્યવાહી અંગે વિસ્તૃત  ચર્ચા કરવામાં આવશે તેમજ સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી અને લોક પ્રશ્નો અંગે પણ ચર્ચાઓ થશે.

ગુજરાતમાં મોટા ભાગના જિલ્લાઓમાં ઓછા વરસાદના કારણે દુષ્કાળ જેવી પરિસ્થિતિ ઉભી થઇ છે ત્યારે કેટલાક તાલુકાઓમાં અતિવૃષ્ટિના કારણે પારાવાર નુકશાન થયું છે.આ સંજોગોમાં જયાં ઓછો વરસાદ છે ત્યાં દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા અને અતિશય વરસાદવાળા બહુજ ઓછા તાલુકાઓ છે તેમને અતિવૃષ્ટિગ્રસ્ત તાત્કાલિક જાહેર કરવા માટે પણ વિધાનસભા કોંગ્રેસપક્ષ માંગણી કરશે. ગુજરાતમાં સરકારી યોજનાઓમાં ચાલતો વ્યાપક ભ્રષ્ટાચાર, ફિકસ પગારના કર્મચારીઓને પૂરતો પગાર મળવા બાબત, વિધવા બહેનોના પેન્શનમાં વધારો કરવા બાબત, સરકારી નોકરીઓમાં અનેક ખાલી જગ્યાઓ બાબત, સરકારી મેડિકલ કોલેજોને સેલ્ફ ફાયનાન્સ બનાવીને મેરીટવાળા વિદ્યાર્થીઓને કરવામાં આવતા અન્યાય બાબત, ગુજરાતની ખનીજ સંપતિને મોટા ઉદ્યોગપતિઓના લાભાર્થે લૂંટાવી દેતી ખનીજ નીતિ બાબતે, જૈન સાધ્વીઓના અકસ્માત તથા રાજયની કથળેલી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થીત બાબત, શિક્ષકોને તેમજ નગરપાલિકા અને આંગણવાડીઓના કર્મચારીઓને મળવાપાત્ર લાભોથી સરકાર દ્વારા વંચિત રાખવા બાબત, ખેડૂતોને વિજળી પૂરી પાડવા બાબત વિગેરે જેવા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવશે.

ગુજરાત વિધાનસભા કોંગ્રેસપક્ષની બેઠકમાં  ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી સિધ્ધાર્થભાઇ પટેલ, ઉપનેતાશ્રી મોહનસિંહ રાઠવા, પૂર્વ નેતાશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, દંડકશ્રી ઇકબાલભાઇ પટેલ તથા ધારાસભ્યશ્રીઓ અને સંસદસભ્યશ્રીઓ તથા કોર કમિટીના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહેશે.

---

પ્રતિ,
તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિદ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે. જે. રસાણીઆ)**
અંગત મદદનીશ